**મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે આગોતરો કબજો સોંપાયેલ હોય તેવા કિસ્સામાં જુના જંત્રીના દર લાગુ કરવા બાબત.**

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંક: **RD/APR/e-file/15/2023/10720/A1**
સચિવાલય, ગાંધીનગર
તારીખ:

**વંચાણે લીધા:**

(૧) મહેસૂલ વિભાગના તા:૧૮/૦૪/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: એસટીપી /૧૨૨૦૯ / ૮૫૪ / ૧૧/હ.૧

(૨) મહેસૂલ વિભાગનો તા:૧૭/૦૫/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: જમન/૧૦૧૬/૮૪૨/અ.૧

(૩) મહેસૂલ વિભાગનો તા:૨૪/૦૩/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: જમન/૧૦૧૬/૮૪૨/અ.૧

(૪) મહેસૂલ વિભાગનો તા:૧૩/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: એસટીપી/૧૨૨૦૨૩/૨૦/હ.૧

(૫) વહીવટી સંચાલકશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન ગાંધીનગરનો તા:૦૬/૦૪/૨૦૨૩નો પત્ર ક્રમાંક: નંબર/જી.એમ.આર.સી./લેન્ડ/જંત્રી કિંમત/૨૦૨૩

**<u>પ્રસ્તાવના:</u>**

૧. મહેસૂલ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૨)ના તા:૧૭/૦૫/૨૦૧૭ ના ઠરાવથી અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે મેગા તરફથી ડીપો અને સ્ટેશન તેમજ આનુષંગિક કામો માટે માંગવામાં આવેલ જરૂરિયાતની જમીન જંત્રી ભાવે મેગાને આપવાની રહેશે, તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ ક્રમાંક:(૩)ના તા:૨૪/૦૩/૨૦૨૦ના ઠરાવથી મહેસૂલ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૧)ના તા:૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવની જોગવાઈઓ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા કાર્યરત થનાર સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટને લાગુ પાડવા બાબતે ઠરાવેલ છે.

૨. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૫)ના પત્રથી રજૂઆત કરેલ છે કે, સરકારશ્રી દ્વારા સને ૨૦૧૧ની જંત્રી રીવાઈઝડ કરી, જુના જંત્રી દરમાં વધારો કરીને મહેસૂલ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૪)ના તા:૧૩/૦૪/૨૦૨૩ના ઠરાવથી નવા જંત્રી દરો તા:૧૫/૦૪/૨૦૨૩ થી લાગુ પાડવાનું નક્કી કરવામાં આવેલ છે. જે કારણોસર ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનને ફાળવવામાં આવતી જમીનની કિંમતોમાં વધારો થવાના કારણોસર પ્રોજેક્ટ કોસ્ટમાં વધારો થશે અને નાણાકીય મર્યાદા જળવાશે નહી. આથી, સને ૨૦૧૧ના જુના જંત્રી દર લાગુ કરવા બાબતની રજૂઆત સરકારશ્રીને મળી આવેલ હતી,

જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>પરિપત્ર:</u>**

૩. કાળજીપૂર્વક વિચારણાને અંતે, મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જરૂરિયાતની જે જમીનોનો આગોતરો કબજો **<u>તા:૧૫/૦૪/૨૦૨૩</u>** પહેલાં સોંપવામાં આવેલ છે, તેવી જમીનો અંગેની દરખાસ્તમાં મહેસૂલ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૧)ના તા:૧૮/૦૪/૨૦૧૧ના ઠરાવથી નિયત થયેલ જુના જંત્રી દરો લાગુ કરવાની સૂચના આથી પરિપત્રિત કરવામાં આવે છે.

૪. આ પરિપત્ર આ વિભાગની ફાઇલ ક્રમાંક: RD/MSC/e-file/15/2023/7445/A (Land) ઉપર નાણા વિભાગની તા.૨૭/૦૮/૨૦૨૩ ની નોંધથી મળેલ સંમતિ તથા સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DARSHAN D DESAI
Organization Unit: Revenue Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 26-Oct-2023 (07:04 PM)

(દર્શન દેસાઇ)
સેક્શન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

**<u>પ્રતિ,</u>**

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ., ગાંધીનગર(પત્ર દ્વારા)
- સર્વે કલેક્ટરશ્રીઓ
- નાણા સલાહકારશ્રી(મહેસૂલ), સચિવાલય, ગાંધીનગર
- એ.જી. કચેરી, અમદાવાદ / રાજકોટ
- અ, અ-૧, ગ, ક, લ શાખા મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા પસંદગી ફાઈલ-૨૦૨૩.